કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: **WCDD/AMR/e-file/23/2023/1085/B1 Branch**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/ ૨૫૦/ક.

2) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.

3) મહેસુલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/ સી.એમ.ફંડ.

**પ્રસ્તાવના**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય મંજૂર કરવાની સત્તા વહીવટી વિભાગના વડાને નિયત ચેકલીસ્ટને આધીન સોંપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણને કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ચુકવવાનું ઠરાવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની મળેલ દરખાસ્ત અન્વયે દાહોદ જિલ્લા પંચાયતમાં આઇસીડીએસ સેજો-થેરકા, ઘટક-૩ તા.ઝાલોદ આંગણવાડી કેન્દ્ર વગેલા તળમાં ફરજ બજાવતા સ્વ. સુમિત્રાબેન ભરતભાઇ ડામોર, આંગણવાડી કાર્યકરનું કોરોના વાયરસના સંક્રમણના કારણે તા.૧૦/૦૪/૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**//હુકમ//**

૨/- રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ સ્વ. સુમિત્રાબેન ભરતભાઇ ડામોર, આંગણવાડી કાર્યકરનાં દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય ચુકવવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

૩/- સ્વ. સુમિત્રાબેન ભરતભાઇ ડામોરનાં આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વગેરે વિગતો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| (૧) | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | : | સ્વ. સુમિત્રાબેન ભરતભાઇ ડામોર |
| (૨) | હોદ્દો | : | આંગણવાડી કાર્યકર, વગેલા તળ નં.૨૪૪૪૫૧૬૦૮૨૩ |
| (૩) | કર્મચારીનું અવસાન થયા તારીખ | : | તા.૧૦/૦૪/૨૦૨૧ |
| (૪) | અવસાન પામનારનું સરનામું | : | રહે.વગેલા તળ ફળીયું, વગેલા, તા.ઝાલોદ, જિ.દાહોદ પિનકોડ-૩૮૯૧૭૦ |
| (૫) | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ | : | શ્રી કલ્પિત ભરતભાઇ ડામોર<br>સંબંધ: પુત્ર |
| (૬) | મૃતકના વારસદારના બેંક ખાતાની વિગત | : | બેંક ઓફ બરોડા ખાતા નં.: ૦૬૧૧૦૧૦૦૦૨૪૪૭૯<br>IFSC- BARB0JHALOD<br>MICR COD: 389012081 |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.01.23
18:36:24 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૫) સેકશન અધિકારીશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)

(૬) સ્વ.સુમિત્રાબેન ભરતભાઈ ડામોરનાં આશ્રિત કુટુંબને જાણ અર્થે (પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત દાહોદ મારફત)

(૭) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઈટ પર મુકવા સારુ.

(૮) શાખા સિલેક્ટ ફાઇલ-2023.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.01.23
18:36:24 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign